## (1) બંધારણની છઠ્ઠી અનુસૂચિ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) તાજેતરમાં મિઝોરમ દ્વારા આ અનુસૂચિમાં પોતાને સમાવવાની માંગ કરવામાં આવી છે.
(2) વર્તમાન સમયે આ અનુસૂચિ આસામ, મેઘાલય, અરુણાચલ પ્રદેશ અને ત્રિપુરામાં લાગું પડે છે.
(3) બંધારણનો અનુચ્છેદ 275(1) આ અનુસૂચિ સાથે સંકળાયેલો છે.
(4) બોરડોલોઈ કમિટીના રિપોર્ટ પરથી છટ્ટી અનુસૂચની રચના કરવામાં આવી હતી.

(A) માત્ર (1), (2) અને (3)  (B) માત્ર (3) અને (4)
(C) માત્ર (2) અને (4)  (D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં અરુણાચલ પ્રદેશે સમગ્ર રાજ્યને છટ્ટી અનુસૂચિ અથવા તો અનુચ્છેદ 371(A) હેઠળ સમાવવાની પુનઃમાગ કરી છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ અરુણાચલ પ્રદેશનો સમાવેશ પાંચમી અનુસૂચિમાં થાય છે.

⇛ છટ્ટી અનુસૂચિ 4 રાજ્યોમાં લાગુ પડે છે. આસામ, મેઘાલય, મિઝોરમ અને ત્રિપુરા. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ બંધારણનો અનુચ્છેદ 371(A) નાગાલેન્ડને લાગુ પડે છે.

⇛ છટ્ટી અનુસૂચિમાં 4 રાજ્યોના આદિજાતી વિસ્તારના વહીવટ વિશેની કેટલીક જોગવાઈઓ છે. આ વિશિષ્ટ જોગવાઈઓ અનુચછેદ 244(2) તથા 275(1) હેઠળ આપવામાં આવી છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ બોરડોલોઈ કમિટીના રિપોર્ટના આધારે છટ્ટી અનુસૂચિની રચના પૂર્વોત્તર ભારતના આદિજાતી વિસ્તારોને મર્યાદિત સ્વાયત્તતા (Limited Autonomy) આપવા માટે કરવામાં આવી હતી. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) 'OPV સાર્થક' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) અહીં, OPVનું પૂરુંનામ Offshore Patrol Vessel થાય છે.

(2) આ પેટ્રોલીંગ વાહન કોસ્ટ ગાર્ડ માટેનું છે.

(3) તેની બનાવટ કોચી શિપયાર્ડ દ્વારા કરવામાં આવી છે.

(4) આ વાહનમાં 95% ઘટકો સ્વદેશી છે.

(A) માત્ર (1) અને (2) (B) માત્ર (3) અને (4)

(C) માત્ર (1), (3) અને (4) (D) આપેલ તમામ

⇛ જવાબ :- A

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ભારતીય કોસ્ટ ગાર્ડ માટે **OPV** સાર્થક નામનું જહાજ લોંચ કરવામાં આવ્યું છે. (આથી, વિધાન **(2)** સાચું છે.)

⇛ અહીં, **OPV** એટલે **offshore Patrol Vessel.** ભારત દ્વારા બનનારા **5** સ્વદેશી **OPV** પૈકીનું આ ચોથું **OPV** છે. (આથી, વિધાન **(1)** સાચું છે.)

⇛ તે એક લોંગ–રેંજ સર્ફેસ શિપ છે જે તટીય તથા દરિયાઈ પેટ્રોલીંગ, દરિયાઈ વિસ્તારોનું પોલિસિંગ, નિયમન અને દેખરેખ, એન્ટિ–સ્મગલીંગ તથા એન્ટિ–પાયરસી ઓપરેશન કરવા માટે અને મર્યાદિત યુદ્ધ પ્રવૃત્તિ માટે સક્ષમ છે.

⇛ તેનું ડિઝાઈનીંગ તથા તેની બનાવટ ગોવા શિપયાર્ડ લિમિટેડ દ્વારા કરવામાં આવી છે. (આથી, વિધાન **(3)** ખોટું છે.)

⇛ તેની બનાવટમાં **70%** ઘટકો સ્વદેશી છે. આ દ્વારા ભારતીય જહાજ–નિર્માણ ઉદ્યોગ તથા આત્મનિર્ભર ભારત તરફ એક મોટું પગલું ભરવામાં આવ્યું છે. (આથી, વિધાન **(4)** ખોટું છે.)

⇛ તેમાં પ્રદૂષણ માટેના જવાબી ઉપકરણો પણ છે જે દરિયામાં ઢોળાયેલા તેલના ફેલાવાને રોકી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (3) NIIO સંસ્થા વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) તેનું પૂરું નામ Naval Innovation and Indigenisation Organisation છે.
(2) તેનું લોંચીંગ તાજેતરમાં ભારતના રક્ષા મંત્રી દ્વારા કરવામાં આવ્યું છે.
(3) તેનો હેતુ આત્મનિર્ભર ભારતના વિઝનને ધ્યાનમાં રાખીને સુરક્ષા ક્ષેત્રે ઈનોવેશન તથા સ્વદેશીકરણને પ્રોત્સાહન આપવાનો છે.
(4) તે એક ત્રિ–સ્તરીય સંસ્થા છે.

(A) માત્ર (1), (2) અને (2)　　(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)　　(D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ભારતના રક્ષા મંત્રી દ્વારા Naval Innovation and Indigenisation Organisation (NIIO) લોંચ કરવામાં આવી છે. (આથી, વિધાન (1) અને (2) સાચાં છે.)

⇛ આ સંસ્થાનો હેતુ આત્મનિર્ભર ભારતના વિઝનને ધ્યાનમાં રાખીને સુરક્ષા ક્ષેત્રે ઈનોવેશન અને સ્વદેશીકરણને પ્રોત્સાહન આપીને આ ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવાનો છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ તે એક ત્રિ–સ્તરીય સંસ્થા છે. (આથી, વિધાન (4) સાચું છે.)

- **N-TAC :** નેવલ ટેક્નોલોજી એક્સીલરેશન કાઉન્સિલ. તે ઉચ્ચ સ્તરે ઈનોવેશન તથા સ્વદેશીકરણનના પાસાંઓને સાથે લાવશે.
- **N-TAC હેઠનું વર્કીંગ ગ્રૂપ :** તે પ્રોજેક્ટનું અલીમકરણ કરશે.
- **TDAC :** ટેક્નોલોજી ડેવલપમેન્ટ એક્સીલરેશન સેલ. નવી ઉભરતી ટેક્નોલોજીને યોગ્ય સમયમાં ઉપયોગમાં લઈ શકાય તેના માટે TDACની રચના કરવામાં આવી છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

## (4) પ્રાઈસ મોનિટરીંગ એન્ટ રિસોર્સ યુનિટ (PMRU) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) તાજેતરમાં એક PMRUની સ્થાપના કર્ણાટકમાં કરવામાં આવી છે.

(2) કર્ણાટક એવું માત્ર બીજું રાજ્ય છે જેમાં PMRUની સ્થાપના કરવામાં આવી હોય.

(3) તેની સ્થાપના NPPA હેઠળ કરવામાં આવે છે.

(4) તે NPPA તથા સ્ટેટ ડ્રગ કંટ્રોલરને દવાઓનો જથ્થો તથા તેની વ્યાજબી કિંમત જાળવવામાં મદદ કરે છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (1), (3) અને (4)
(D) માત્ર (3) અને (4)

⇒ **જવાબ :- C**

**સમજૂતી :**

⇒ તાજેતરમાં કર્ણાટક રાજ્યમાં **PMRU** (પ્રાઈસ મોનિટરીંગ એન્ડ રિસોર્સ યુનિટ)ની સ્થાપના ફાર્માસ્યુટીકલ વિભાગના **NPPA** (નેશનલ ફાર્માસ્યુટીકલ પ્રાઈસીંગ ઓથોરિટી) દ્વારા કરવામાં આવી છે. (આથી, વિધાન **(1)** અને **(3)** સાચાં છે.)

⇒ **PMRU** એક રજિસ્ટર્ડ સોસાયટી છે જે સ્ટેટ ડ્રગ કંટ્રોલરની દેખરેખ હેઠળ કાર્ય કરે છે.

⇒ તેનું કાર્ય **NPPA** તથા સ્ટેટ ડ્રગ કંટ્રોલરને દવાઓનો જથ્થો, સુલભતા અને યોગ્ય કિંમત જાળવવામાં મદદ કરવાનું છે. (આથી, વિધાન **(4)** સાચું છે.)

⇒ **NPPA** દ્વારા કન્ઝયુમર અવેરનેસ, પબ્લીસીટી એન્ડ પ્રાઈસ મોનિટરીંગ **(CAPPM)** નામની યોજના હેઠળ **PMRU**ની સ્થાપના કરવામાં આવે છે.

⇒ **12** રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં પહેલેથી જ **PMRU**ની સ્થાપના થયેલી છે. (આથી, વિધાન **(2)** ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (5) કન્વેન્શન નંબર 182 વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) આ કન્વેન્શન આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનનું છે.

(2) આ કન્વેશનને બેસ્ટ પ્રેકટીસ ટુ અવોઈડ ચાઈલ્ડ લેબર તરીકે પણ ઓળખવામાં આવે છે.

(3) તાજેતરમાં સોમાલિયાએ આ કન્વેન્શનને રેટીફાઈ કર્યું છે.

(4) આ કન્વેન્શન ILOના દરેક સભ્ય દેશો દ્વારા રેટીફાઈ થયું છે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2) અને (3)
(C) માત્ર (3) અને (4)
(D) માત્ર (1) અને (4)

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ તાજેતરમાં કિંગ્ડમ ઓફ ટોંગા દ્વારા કન્વેન્શન નંબર **182**ને રેટીફાઈ (કાયદા/કાનૂન દ્વારા અમલમાં લાવવું) કરવામાં આવ્યું છે. (આથી, વિધાન **(3)** ખોટું છે.)

⇛ આ કન્વેન્શન આંતરાષ્ટ્રીય શ્રમ સંગઠન **(ILO)**નું છે. (આથી, વિધાન **(1)** સાચું છે.)

⇛ આ કનવેન્શનને **Worst Forms of Cild Labour** તરીકે પણ ઓળખવામાં આવે છે. (આથી, વિધાન **(2)** ખોટું છે.)

⇛ ટોંગા દ્વારા આ કન્વેન્શન રેટીફાઈ થતાં આ કન્વેન્શનને 'યુનિવર્સલ રેટિફીકેશન' મળ્યું છે. અર્થાત્ **ILO**ના દરેક **187** સભ્યો દ્વારા તેને રેટીફાઈ કરવામાં આવ્યું છે. (આથી, વિધાન **(4)** સાચું છે.)

⇛ કન્વેન્શન નંબર **182 ILO** દ્વારા **1999**માં અપનાવવામાં આવ્યું હતું.

⇛ તેનો હેતુ બાળકોને બાળમજૂરીના સૌથી ખરાબ સ્વરૂપોથી રક્ષણ આપવાનો છે. આ સ્વરૂપોમાં ગુલામી, દેહ–વ્યાપાર, હથિયારી સંઘર્ષ દરમિયાન તેમનો ઉપયોગ વગેરેનો સમાવેશ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT